| GJAN030042572017 | सत्यमेव जयते | Received on : | 30/11/2017 | | |
|---|---|---|---|---|---|
| | | Registered on : | 30/11/2017 | | |
| | | Decided on : | 21/07/2026 | | |
| | | Duration : | YY | MM | DD |
| | | | 08 | 07 | 21 |

# ક્રિમીનલ કેસ નં.૧૮૦૩/૨૦૧૭

**<u>આંક–.....</u>**

**:: <u>નમૂના – અ</u> ::**

| પેટલાદના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| ફો. કે. સંખ્યા | ૧૮૦૩/૨૦૧૭ |
| જજમેન્ટ આંક | |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ | ધી પ્રાઇઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | સેકન્ડ ગુ. રજી. નં.૩૦૨૩/૨૦૧૫ |
| પોલીસ સ્ટેશન | સોજીત્રા પોલીસ સ્ટેશન, મુ.સોજીત્રા |
| ફરિયાદી પક્ષ | સરકારશ્રી/મુળ ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ |
| રજૂઆત | વિદ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી.એમ.એમ. ભુરીયા |
| આરોપી પક્ષ | (૧) જયેશભાઇ ઉર્ફે રાજુ જયંતિભાઇ મિસ્ત્રી.<br>રહે.મકાન નં.૩, કૃષ્ણ નગર સોસાયટી, વિભાગ–૩, કરમસદ, તા.જી.આણંદ. |

| | |
|---|---|
| | (૨) બાબાભાઇ ભીખાભાઇ ભમ્મર.<br>રહે.ભમ્મરની પદાર્રી, તા.તળાજા, જી.ભાવનગર.<br>(૩) હિતેશભાઇ દિનેશભાઇ પ્રજાપતિ.<br>રહે.કાસોર, પ્રજાપતિવાસ, તા.સોજીત્રા, જી.આણંદ.<br>(૪) કલ્પેશભાઇ જશભાઇ રાવળ.<br>રહે.કાસોર, રાવળવાસ, તા.સોજીત્રા, જી.આણંદ. |
| રજૂઆત | આરોપી નં.૧ તર્ફે વિદ્વાન વકીલ શ્રી પી.આર.પટેલ<br>આરોપી નં.૨,૩ તર્ફે વિદ્વાન વકીલશ્રી પી.એમ.ઠક્કર<br>આરોપી નં.૪ તર્ફે વિદ્વાન વકીલશ્રી બી.ડી.ભટ્ટ |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૪/૨૦૧૪ થી તા.૨૫/૬/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન. |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૪/૦૮/૨૦૧૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨/૦૨/૨૦૧૬ |
| તહોમતનામાની તારીખ | ૨૩/૦૮/૨૦૧૭ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૪/૨૦૧૮ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## :: આરોપીની વિગત ::

| આરોપી નું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જયેશભાઇ ઉર્ફે રાજુ જયંતિભાઇ મિસ્ત્રી. | ૧૩/૦૯/૨૦૧૫ | | ધી પ્રાઇઝ ચીપ્સ એન્ડ મની સરક્યુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ –૫,૬ મુજબ. | નિર્દોષ | – | – |
| ૨ | બાબાભાઇ ભીખાભાઇ ભમ્મર. | ૧૫/૧૦/૨૦૧૫ | | | નિર્દોષ | – | – |
| ૩ | હિતેશભાઇ દિનેશભાઇ પ્રજાપતિ. | ૧૯/૦૮/૨૦૧૫ | | | નિર્દોષ | – | – |
| ૪ | કલ્પેશભાઇ જશભાઇ રાવળ. | ૧૯/૦૮/૨૦૧૫ | | | નિર્દોષ | – | – |

## :: નમૂનો ક ::

## ફરિયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી

## <u>અ. ફરિયાદપક્ષ</u> :–

| અનુક્રમ નંબર | નામ | આંક સંખ્યા | પુરાવા નો પ્રકાર |
|---|---|---|---|
| ફરીયાદપક્ષના સાહેદ.૦૧ | કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ | ૨૭ | ફરીયાદી |

| | | | |
|---|---|---|---|
| ફરીયાદપક્ષના સાહેદ.૦૨ | ઉપેન્દ્રભાઇ ઇશ્વરભાઇ પરમાર | ૮૨ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૩ | જયમીનભાઇ કનુભાઇ પરમાર | ૮૩ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૪ | હર્ષદભાઇ નીલેશભાઇ પરમાર | ૮૪ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૫ | મહેશભાઇ મનુભાઇ પરમાર | ૮૭ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૬ | જીગ્નેશકુમાર ગીરીશભાઇ પરમાર | ૮૮ | સાહેદ |
| ફરીયાદપક્ષના સાહેદ.૦૭ | પ્રકાશભાઇ ચીમનભાઇ ગોહેલ | ૧૦૧ | સાહેદ |

## ફરિયાદપક્ષ / બચાવ / ન્યાયાલયના આંકની યાદી

## અ. ફરિયાદપક્ષના આંકની યાદી :–

| અનુક્રમ નંબર | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૨૮ | ફરીયાદ |
| ૨. | નિ.૨૭/૧ | મારુતી નંદન ગ્રુપની પાવતીની ઝેરોક્ષ નકલ |
| ૩. | નિ.૨૭/૨ | ૧૦૦ ટકા ઇનામી ગેરેન્ટી યોજનાનું મારુતી નંદન ગ્રુપના પેમ્પલેટની ઝેરોક્ષ નકલ |
| ૪. | નિ.૨૭/૩ | ઈનામ ડ્રો થવાનું મારુતી નંદન ગ્રુપ તરફથી આપવામાં આવેલ પેમ્પલેટની ઝેરોક્ષ નકલ |
| ૫. | ૯૦ | સાહેદ અરવિંદભાઇ ખોડાભાઇ પરમારનો મરણનો દાખલો |
| ૬. | ૯૨ | ત.ક.અમલદાર બાબુભાઇ ભીખાભાઇનો મરણનો દાખલો |

## ડ. ભૌતિક પદાર્થ–મુદ્દામાલ:–

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | – | – |

**ફોજદારી કાર્યવાહી સંહિતાના પ્રકરણ:– ૨૭, કલમ:–૩૫૩, ૩૫૫ અને ૩૫૮ તેમજ ક્રીમીનલ મેન્યુઅલના પેરા નંબર:– ૧૭૨ મુજબ.**

## – : <u>ચુ કા દો</u> :–

### (૧) <u>ફરીયાદ પક્ષના કેસનીટુંકમાં હકીકત</u> :–

ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧,૨ તથા નાસતા ફરતા આરોપી એસ.બી.ભમ્મર નાઓએ પેટલાદ મુકામે મારૂતી નંદન ગૃપ નામની ઈનામી ડ્રો નું આયોજન કરેલ તથા આરોપી નં.૩,૪ નાઓએ મારૂતી નંદન ગૃપ ઇનામી સ્કીમના એજન્ટો બની તા.૧/૪/૨૦૧૪ થી તા.૨૫/૬/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કાસોર મુકામે આવેલ ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ તથા સાહેદો પાસેથી ઈનામી ડ્રો ના નાણાં ઉઘરાવેલ તથા ફરીયાદી, સાહેદોને છેલ્લા દસમાં ડ્રો માં લાગેલ ઇનામો નહિ આપેલ તથા ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરીને સોજીત્રા પો.સ્ટે. માં સે.ગુ. રજી. નં.૩૦૨૩/૨૦૧૫ થી દાખલ કરવામાં આવેલ. તપાસના અંતે ત.ક.અમલદારશ્રીએ આ કામના આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોવાથી ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનો રીપોર્ટ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૧૭૩ મુજબ ઇન્સાફી કાર્યવાહી વાસ્તે સોજીત્રા કોર્ટમાં રજુ

કરવામાં આવેલ, જે કેસ સોજીત્રા કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૧૬૨/૨૦૧૬ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

તેમજ ત્યાર બાદ સોજીત્રા કોર્ટ ધ્વારા ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ-૫,૬ મુજબના ગુનાની કાર્યવાહી ચલાવવાની સત્તા મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટને રહેલ હોવાથી સદર કેસ મહે. ચીફ જયુડીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ, આણંદ ખાતે ટ્રાન્સમીટ કરવામાં આવેલ, જે આણંદ ખાતે ક્રિમીનલ કેસ નં.૩૭૬૩/૨૦૧૬ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ.

તેમજ ત્યાર બાદ પેટલાદ ખાતે સીનીયર સીવીલ જજ અને ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટ કાર્યરત થતા સદરહું કેસ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, આણંદના ઓફીસ ઓર્ડર નં.ક્રિમીનલ ૭૫/૨૦૧૭, તા.૧૬/૧૧/૨૦૧૭ ના રોજ અત્રેની પેટલાદ કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ, જે ક્રિમીનલ કેસ નં.૧૮૦૩/૨૦૧૭ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ અને કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૨) <u>કોગ્નીઝન્સ, આરોપી હાજરી અને પોલીસ પેપર્સ બાબત</u> :-

તપાસ કરનાર અમલદારે અદાલતમાં કરેલ ચાર્જશીટના અનુસંધાને અત્રેની કોર્ટ દ્વારા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૯૦(બી) મુજબ આરોપીઓ વિરુદ્ધ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓ ઉપર ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ જેમાં આરોપીઓ હાજર

થતાં, આરોપીઓ સામેનો કેસ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨ (ડબલ્યુ) મુજબ સમન્સ ટ્રાયેબલ કેસ છે, આથી ક્રિમીનલ પ્રોસીઝરના પ્રકરણ–૨૦ માં જણાવ્યા મુજબની કાર્યવાહી અદાલત ધ્વારા કરવામાં આવેલ છે. આરોપીઓને સદર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલ તેઓને વિનામુલ્યે આપવામાં આવેલ છે, જે તેઓને મળી ગયા બદલની ખાત્રી ચાર્જશીટ પાછળ આરોપીઓની સહી લઈ કરવામાં આવેલ છે.

**(૩) <u>કાનુની સહાય અંગે</u> :–**

આરોપીઓ હાજર થતાં તેઓ વિરુદ્ધ રહેલા કેસની તેઓને જાણ કરવામાં આવેલ અને તેઓને એવુ જણાવવામાં આવેલ છે કે, જો તેઓએ તેમના સામે રહેલ કેસમાં બચાવ કરવા માટે આર્થિક રીતે સક્ષમ ન હોય તો તેઓને ભારતીય બંધારણના આર્ટીકલ–૩૯ (એ) મુજબ ગુજરાત લીગલ સર્વિસ ઓથોરીટી એકટમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ અત્રેની અદાલત દ્વારા જીલ્લા/ તાલુકા કાનુનિ સેવા સમિતિ દ્વારા તેઓને બચાવ વાસ્તે કાનુનિ સહાય નિયમોનુસાર મળી શકે તેમ છે આરોપીઓએ અત્રેની અદાલત રૂબરૂ એવુ જણાવેલ છે કે, તેઓ કોઇ કાનુની સહાય મેળવવા માંગતા નથી, પોતાનો બચાવ કરવા માટે પસંદગીના વકીલ તેઓ દ્વારા રાખવામાં આવેલ છે તે ધ્યાને લેતા ભારતના બંધારણના આર્ટીકલ–૨૨ તેમજ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૩ માં જણાવેલ જોગવાઈઓનું

સદર કેસમાં પાલન થયેલ છે.

(૪) <u>**તહોમતનામું અને પ્લી**</u> **:–**

આ કામમાં આરોપીઓ હાજર થતાં, પોલીસ દ્વારા તેમના ઉપર જે ગુન્હાનો આરોપ મુકવામાં આવેલ છે તેની વિગતો જણાવી સી.આર.પી.સી. ની કલમ–૨૫૧ મુજબ **આંક–૧૭ થી** તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને **આંક–૧૮ થી આંક–૨૧ સુધી** આરોપીઓનો જવાબ લેવામાં આવેલ, જેમાં તેઓએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે. આથી આ કામ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૪ મુજબ ફરીયાદપક્ષનો કેસ રજુ કરવા માટે તારીખ મુકરર કરવામાં આવેલ છે.

(૫) <u>**સરકારી વકીલશ્રી દ્વારા કાર્યવાહી**</u> **:–**

ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૧, ક્રિમીનલ મેન્યુઅલ પેરા નંબર–૧૩૫ ની જોગવાઈ મુજબ આસીટન્ટ પબ્લીક પ્રોસીકયુટરનાઓએ સરકારપક્ષે હાજર રહી સરકાર(ફરીયાદી) તર્ફે પ્રોસીકયુટીંગનું કામ કરેલ છે.

(૬) <u>**ફરીયાદપક્ષનો પુરાવો**</u> **:-**

આરોપીઓ વિરૂધ્ધ ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬ મુજબના ગુન્હા પુરવાર કરવા ફરીયાદપક્ષે ઉપરોક્ત નમુના 'ક' માં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે ત્યારબાદ સરકારપક્ષે આ કામે પુરાવો બંધ

કરવા ફરીયાદપક્ષ તરફે લેખિતમાં રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો સી.આર.પી.સી.ની કલમ–૨૭૩ મુજબ પુરાવો લેવાની અને નોંધવાની જે રીત જણાવવામાં આવેલ છે તે મુજબ ઈન્સાફી કાર્યવાહી આરોપીની હાજરીમાં સી.આર.પી.સી.ની કલમ–૨૭૩ અન્વયે ખુલ્લી અદાલતમાં નોંધવામાં આવેલ છે. કેસનું રેકર્ડ જોતાં કલમ–૨૮૦ મુજબ સાક્ષીઓના વર્તન વિશે કોઈ નોંધ કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ ઉપર જણાય આવતું નથી.

**(૭) <u>આરોપીના વિશેષ નિવેદન</u> :–**

ફરીયાદપક્ષે પોતાનો મૌખિક તેમજ લેખિત પુરાવો પુરો થયા બાદ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓ સામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાના અનુસંધાનમાં આરોપીઓનું વિશેષ નિવેદન તેમના વિદ્વાન વકીલશ્રીની હાજરીમાં લેવામાં આવેલ છે. તેમાં આરોપીઓએ એવું જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે અને કોઇ ગુનો આચરેલ નથી તેમ છતાં તેઓ વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ આરોપી પોતાના બચાવમાં સોગંદ ઉપર કોઈ જુબાની આપવા માંગતા નથી કે કોઈ સાહેદોને પણ તપાસવા માંગતા નથી તેવું જણાવેલ છે. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૪(૧) મુજબ બચાવપક્ષે આ કેસમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

**(૮) <u>દલીલો</u> :–**

## (૮.૧) <u>સરકારપક્ષની દલીલ</u> :-

- ફરીયાદપક્ષે એ.પી.પીશ્રી એ પોતાની દલીલોમાં મુખ્યત્વે એવું જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ મારૂતી નંદન ગૃપ નામની ઇનામી ડ્રો નું આયોજન કરી ફરીયાદી તથા સાહેદો પાસેથી તે પેટે રૂપીયા લીધેલ અને ડ્રો માં લાગેલ ઇનામો નહિ આપીને તેમની સાથે ચીટીગ કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ ફરીયાદ કમલેશભાઇ પ્રજાપતિ તથા અન્ય સાહેદોના પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરેલ છે. જેથી આરોપીઓને કાયદામાં જણાવેલ સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

## (૮.૨) <u>બચાવપક્ષની દલીલ</u> :-

- બચાવપક્ષના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખતા ફરીયાદપક્ષની એ મુખ્ય જવાબદારી રહેલ છે કે, તેઓ આરોપીઓ વિરૂધ્ધનો કેસ સ્પષ્ટ રીતે રજુ કરવો જોઇએ, જો પ્રોસીકયુશન મજબુત પુરાવાથી પોતાનો કેસ સાબીત ન કરી શકે તો તેનો લાભ આરોપીઓને મળવો જોઇએ.
- આરોપીઓ વિરૂધ્ધ સદર ગુન્હો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે કુલ ૦૭ સાહેદો તપાસવામાં આવેલ છે અને કુલ ૦૪ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે અને સદર પુરાવા ધ્યાને લેતા આરોપીઓને ગુના સાથે સાંકળતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી આરોપીઓએ પેટલાદ મુકામે મારૂતી નંદન ગૃપ નામની ઇનામી ડ્રો

નું આયોજન કરેલ તથા મારૂતી નંદન ગૃપ ઈનામી સ્કીમના એજન્ટો બની તા.૧/૪/૨૦૧૪ થી તા.૨૫/૬/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કાસોર મુકામે આવેલ ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ તથા સાહેદો પાસેથી ઈનામી ડ્રો ના નાણાં ઉઘરાવેલ તથા ફરીયાદી, સાહેદોને છેલ્લા દસમાં ડ્રો માં લાગેલ ઈનામો નહિ આપેલ તથા ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરીને ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬ મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ નથી. જે તમામ હકીકતો ધ્યાને રાખી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯) આ કામે કેસના આખરી નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુ દ્દા ઓ</u> :–**

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧,૨ તથા નાસતા ફરતા આરોપી એસ.બી.ભમ્મર નાઓએ પેટલાદ મુકામે મારૂતી નંદન ગૃપ નામની ઈનામી ડ્રો નું આયોજન કરેલ તથા આરોપી નં.૩,૪ નાઓએ મારૂતી નંદન ગૃપ ઈનામી સ્કીમના એજન્ટો બની તા.૧/૪/૨૦૧૪ થી તા.૨૫/૬/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કાસોર મુકામે આવેલ ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ તથા સાહેદો પાસેથી ઈનામી ડ્રો ના નાણાં ઉઘરાવેલ તથા ફરીયાદી, સાહેદોને છેલ્લા દસમાં ડ્રો માં લાગેલ ઈનામો નહિ આપેલ તથા ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરીને ધી |

| | |
|---|---|
| | પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓના મારા વિગતવારના કારણો નીચે મુજબના છે.

**–:: <u>કા ર ણો</u> ::–**

**<u>મુદ્દા નં.૧, ૨ અને ૩</u> :–**

– ઉપરોકત બંને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય પુરાવાનું બીનજરૂરી પુનરાવર્તન નિવારવા મુદ્દા નં.૧ તથા ૨ એમ બંને મુદ્દાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે.

**(૧૨)** કોઈ પણ કેસમાં જયારે પોલીસ ચાર્જશીટના આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે ત્યારે અદાલતે એ ખ્યાલ રાખવાનો હોય છે કે, અદાલતે માત્ર ભોગ બનનાર અને આરોપી વચ્ચે ન્યાય કરવાનો નથી, પરંતુ સમાજને પણ આ ન્યાયની અસર થતી હોય છે એ બાબત પણ લક્ષમાં લઈ ન્યાય કરવાનો હોય છે. કોઈપણ બનાવનો ભોગ બનનારે ન્યાય મેળવવા માટે સૌપ્રથમ સારવાર કરનાર એજન્સી ઉપ આધાર રાખવો પડે છે અને ત્યારબાદ પ્રોસીકયુશન એજન્સી ઉપર આધાર રાખવો પડે છે. આ એજન્સીઓ પૈકી કોઈપણ એજન્સીની ઈરાદા સાથે કે ઈરાદા વગર

(શુધ્ધબુધ્ધિ પુર્વકની) કોઇ ભુલ કરે તો તેનો ખરેખર ભોગ બનનારને બનવું ન પડે તે પણ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે જોવાની ફરજ પણ અદાલતની છે. આ બાબતે <u>નામદાર સુપ્રિમકોર્ટ,સ્ટેટ ઑફ યુ.પી વિરુધ્ધ અનીલસીંગ, અંબીકાપ્રસાદ વિ. સ્ટેટ ઓફ દીલ્હી એ.આઈ.આર. ૨૦૦૦, સુપ્રીમ કોર્ટ, ૭૧૮</u> ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતને સમાજમાં જે રીતે ક્રાઈમ વધી રહેલ છે અને જે રીતે આરોપીઓ શંકાનો લાભ મેળવી બચી જાય છે તે અંગે નોંધેલ છે કે, સ્વતંવ સાહેદો સાક્ષી બનવાનુ ટાળે છે, અન્વેષણ અધીકારીને પણ સહકાર આપતા નથી, તે માટેના ઘણા કારણો છે. પરંતુ આવા પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટ એ ધ્યાનમાં રાખવુ જોઈએ કે, જજની ખુશીમાં બેસી જજે માત્ર એટલુ જ જોવાનું નથી કે કોઈ નિર્દોષ માણસને ખોટી સજા ન થઈ જાય, પરંતુ કોર્ટની એ પણ જોવાની ફરજ છે. પુરાવાના મુલ્યાંકાનના સંદર્ભમાં ખુબ જ અગત્યનું અવલોકન નામદાર સુપ્રિમ કોર્ટે In the case of Bathula Nagamalleswara Rao and others v. State 2008 (11) SCC 722 પેરા નંબર :- ૫૬ માં એવુ અવલોકન કરેલ છે કે, “It is settled that even if a major portion of the evidence is found to be deficient, in case the residue is sufficient to prove guilt of an accused, conviction can be maintained. <u>**It is the duty of the court to separate**</u>

**<u>grain from chaff</u>.** Where chaff can be separated from grain, it would be open to the court to convict an accused notwithstanding the fact that evidence of some of the witnesses has been found to be deficient. Falsity of a particular material witness or material particular would not ruin it from the beginning to the end. The maxim falsus in uno, falsus in omnibus has no application in India and the witnesses cannot be branded as liars."

(૧૩) સદર કામે **આંક–૧૭ થી** આરોપીઓ વિરુઘ્ધ ઘડવામા આવેલ ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬ મુજબના ગુન્હાનુ તહોમત મુકવામાં આવેલ છે સદર ધારાકીય જોગવાઈ આ તબકકે ઘ્યાને લેવામા આવે તો,

**<u>PRIZE CHITS AND MONEY CIRCULATION SCHEMES (BANNING) ACT, 1978</u>**

**Section** 2 (**e**) "**prize chit**" includes any transaction or arrangement by whatever name called under which a person collects whether as a promoter, foreman, agent or in any other capacity, monies in one lump sum or in instalments by way of contributions or subscriptions or

by sale of units, certificates or other instruments or in any other manner or as membership fees or admission fees or service charges to or in respect of any savings, mutual benefit, thrift or any other scheme or arrangement by whatever name called, and utilises the monies so collected or any part thereof or the income accruing from investment or other use of such monies for all or any of the following purposes; namely :-

(i) giving or awarding periodically or otherwise to a specified number of subscribers as determined by lot, draw or in any other manner, prizes or gifts in cash or in kind, whether or not the recipient of the prize of gift is under a liability to make any further payment in respect of such scheme or arrangement;

(ii) refunding to the subscribers or such of them as have not won any prize or gift, the whole or part of the subscriptions, contributions or other monies collected, with or without any bonus, premium, interest or other advantage by whatever name called on the termination of the scheme or arrangement, or on or after the expiry of the period stipulated therein, but does not include a conventional chit;

(f) "Reserve Bank" means the Reserve Bank of India constituted under the Reserve Bank of India Act, 1934.

ચીટ ફંડ એકટ ૧૯૮૨ ની  કલમ-૫ તથા ૬ માં કરવામાં આવેલ જોગવાઈ આ તબકકે ધ્યાને લેવામાં આવે તો, ...

**Section 5 : Penalty for other offences in connection with prize chits or money circulation schemes**.

Whoever, with a view to the promotion or conduct of any prize chit or money circulation scheme in contravention of the provisions of this Act or in connection with any chit or scheme promoted or conducted as aforesaid,—

(a) prints or publishes any ticket, coupon or other document for use in the prize chit or money circulation scheme; or

(b) sells or distributes or offers or advertises for sale or distribution, or has in his possession for the purpose of sale or distribution any ticket, coupon or other document for use in the prize chit or money circulation scheme; or

(c) prints, publishes or distributes, or has in his possession for the purpose of publication or distribution —

(i) any advertisement of the prize chit or money circulation scheme; or

(ii) any list, whether complete or not, of members in the prize chit or money circulation scheme; or

(iii) any such matter descriptive of, or otherwise relating to the prize chit or money circulation scheme, as is calculated to act as an inducement to persons to

participate in that prize chit or money circulation scheme or any other prize chit or money circulation scheme; or

(d) brings, or invites any person to send, for the purpose of sale or distribution, any ticket, coupon or other document for use in a prize chit or money circulation scheme or any advertisement of such prize chit or money circulation scheme; or

(e) uses any premises, or causes or knowingly permits any premises to be used, for purposes connected with the promotion or conduct of the prize chit or money circulation scheme; or

(f) causes or procures or attempts to procure any person to do any of the above-mentioned acts, shall be punishable with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to three thousand rupees, or with both:

Provided that in the absence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the court, the imprisonment shall not be less than one year and the fine shall not be less than one thousand rupees.

**Section 6 : Offences by companies.**

(1) Where an offence under this Act has been committed by a company, every person who, at the time the offence was committed, was in charge of, and

was responsible to, the company for the conduct of the business of the company, as well as the company, shall be deemed to be guilty of the offence and shall be liable to be proceeded against and punished accordingly:

Provided that nothing contained in this sub-section shall render any such person liable to any punishment provided in this Act, if he proves that the offence was committed without his knowledge or that he exercised all due diligence to prevent the commission of such offence.

(2) Notwithstanding anything contained in sub-section (1), where an offence under this Act has been committed by a company and it is proved that the offence has been committed with the consent or connivance of, or is attributable to, any neglect on the part of, any director, manager, secretary or other officer of the company, such director, manager, secretary or other officer shall also be deemed to be guilty of that offence and shall be liable to be proceeded against and punished accordingly.

Explanation.––For the purposes of this section––

(a) "company" means any body corporate and includes a firm or other association of individuals; and

(b) "director", in relation to a firm, means a partner in the firm.

(૧૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **<u>ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિને આંક-૨૭ થી</u>** તપાસવામાં આવેલ છે, જેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, " હું આરોપી નં.૧ અને ૨ ને ઓળખતો નથી પણ આરોપી નં.૩ હિતેશભાઈ અને આરોપી નં.૪ કલ્પેશભાઈને ઓળખુ છું કારણ કે તેઓ અમારા ગામના છે. આરોપી નં.૩ પાન બીડીનો ગલ્લો છે અને આરોપી નં.૪ રીક્ષા ચલાવે છે. આ બંને આરોપીઓ મારી કાસોર મુકામે નાસ્તાની દુકાનો હોય ત્યાં આવતા જતા હોય અમારી વચ્ચે મિત્રતા થયેલી. મેં આરોપી નં.૩ પાસેથી આશરે બે વર્ષ અગાઉ ઈનામી ડ્રો યોજનાની એક ટિકીટ રૂા.૪૦૦૦/- આપીને ખરીદેલી અને તે વખતે આરોપી કલ્પેશભાઈ પણ સાથે હતા અને તેમાં દર મહિને મારે રૂા.૩૦૦/- તથા બીજા મહિને રૂા.૩૫૦/- લેખે દર માસે રૂા.૫૦/- લેખે વધારાની રકમ મુજબનો હપ્તો ભરવાનો હતો, તે હપ્તાની રકમ પુરેપુરા મેં હિતેશભાઈને આપેલ અને મને તેની પાવતી આપેલી અને તે તમામ પાવતીઓ મેં સોજીત્રા પોલીસને આપેલી. છેલ્લા હપ્તાનો ડ્રો થયા બાદ મને ઈઓન ગાડી કે જેની કિંમત રૂા.૩,૨૫,૦૦૦/- ગણાય તે ઈનામમાં લાગેલી અને તે તમામ ડ્રો પેટલાદ મુકામે થતા હતા પણ સ્થળ હાલ યાદ નથી. મને હિતેશભાઈએ કહેલ કે તમને જે ઈનામમાં કાર લાગેલ છે તે તમોને દસ દિવસ બાદ આપી દઈશું પરંતુ દસ દિવસ વીતી ગયા બાદ પણ મને ઈનામમાં લાગેલી ગાડી મળેલ નહીં. જેથી હિતેશભાઇને મળતા

તેઓએ કહેલ કે આ ગ્રુપના મેઈન સંચાલક ભમ્મર ફરાર થઈ ગયેલ છે અને અમે તેમને શોધીએ છીએ અને તે મળશે તો તમારી ગાડી તમને આપી દઈશું. હું ભમ્મરને મળવા ગયેલ નહીં. મેં ગાડી મળવાની રાહ બે–ત્રણ મહિના સુધી જોયેલી પણ મને કોઈ ગાડી મળેલ નહી કે રૂપીયા પણ પાછા મળેલ નહી. જેથી મેં ના છૂટકે સોજીત્રા પોલીસ સ્ટેશનમાં જઈ બનાવની ફરિયાદ આપેલી. મને અસલ ફરિયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખુ છું જેને રજુ દાખલ આંક–૨૮ આપવામાં આવે છે. મારી જેમ બીજા ગામમાં બીજા ચાલીસ થી પચાસ જણાએ પણ આ રીતે રકમો ભરેલી અને તેમને પણ ઈનામ કે રકમ પરત મળેલ નહી અને તેઓની સાથે પણ છેતરપીડીં થયેલી. આ ગ્રુપનું નામ મારૂતીનંદન હતું અને મારો ટીકીટ નંબર હાલ યાદ નથી, પરંતુ તે અસલ ટીકીટ મેં પોલીસને આપેલી. મને ટીકીટની સાથે ગ્રુપનાં નિયમો પણ આપેલ અને ટીકીટમાં તારીખ તથા શું ઈનામ મળશે તે તમામ હકીકતો દર્શાવેલ હતી તે અસલ ટીકીટ તથા પાવતીઓ મને બતાવવામાં આવે તો હું ઓળખી શકું. મને મારૂતીનંદન ગ્રુપની પાવતી બતાવવામાં આવે છે તેમાં પ્રજાપતિ કમલેશ ચંપકલાલ તરીકે મારૂ નામ છે રે.કાસોર લખેલ છે અને જેમાં દસ માસ લખેલ છે અને રૂ–૫૦૦/ લખેલ છે અને જેની તારીખ ૨૫/૬/૨૦૧૫ છે જે પાવતીમાં નાણા આપનારની સહી તેવુ લખેલ છે જેની નીચે નાણા લેનારની સહી તરીકે હિતેશ એ પ્રજાપતિનાઓની સહી છે. જે અસલ પાવતી

મને આપેલી તે અસલ પાવતી મે ફરિયાદ સાથે પો.સ્ટેશનમાં આપેલી. જે અસલ પાવતીની ઝેરોક્ષ પાવતી મને બતાવવામાં આવે છે. તે તે જ છે, જે ઝેરોક્ષ નકલ નિ–૨૭/૧ થી રજુ છે. મને ૧૦૦ ટકા ઈનામી ગેરેન્ટી યોજનાનું મારૂતી નંદન ગ્રુપ ના પેમ્પલેટની ઝેરોક્ષ બતાવવામાં આવે છે. આ તેજ મારૂતી નંદનનું પેમ્પલેટ છે જેનો હું સભ્ય બનેલ હતો. જે અસલ પેમ્પલેટ મને આપેલી તે અસલ પેમ્પલેટ મેં ફરીયાદસાથે પો.સ્ટે. માં આપેલ. જે અસલ પેમ્પલેટ ઝેરોક્ષ મને બતાવવામાં આવે છે, તે તેજ છે, જે ઝેરોક્ષ નકલ નિ.૨૭/૨ થી રજુ છે. મને મારૂતીનંદન ગ્રુપનું જે જગ્યા પર ઈનામ ડ્રો થવાનું હો તે જગ્યાએ જે સભ્યો હોય તેઓને હાજર રહેવા માટે મારૂતીનંદન ગ્રુપ તરફથી પેમ્પલેટ આપવામાં આવતું હતું. મને તા. ૨૫/૬/૨૦૧૫ નું પેમ્પલેટ બતાવવામાં આવે છે તેમાં માંગરોલ ગામે ઈનામી ડ્રો રાખેલ હતો તેનું પેમ્પલેટ છે, જેની ઝેરોક્ષ મને બતાવવામાં આવે છે. તે પેમ્પલેટમાં અલગ અલગ ઈનામ રાખશે તેની વિગતો દર્શાવેલ છે, જે ઝેરોક્ષ નકલ નિ.૨૭/૩ થી રજુ છે. મારૂતીનંદન ગ્રુપ ઈનામી યોજના જે લોકો ચલાવતા હતા તેમાંથી હિતેશભાઈ પ્રજાપતિ અને કલ્પેશભાઈ રાવલને હું ઓળખુ છું, જેઓ ઈનામી ગ્રુપની ટીકીટ આપતા હતા. જે બન્ને કોર્ટમાં હાજર છે તે જ છે. તે સિવાયના આરોપી જયેશભાઈ ઉર્ફે રાજુ જયંતિભાઈ મીસ્ત્રી જેઓ મારૂતીનંદન ગ્રુપના સભ્ય હતા તે હું જાણું છુ પરંતુ તેઓને જોયેથી ઓળખતો નથી. બાબાભાઈ ભીખાભાઈને હું

ઓળખતો નથી. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી છે કે પોલીસે ફરિયાદ લખેલી અને મેં તેમાં સહી કરેલી. પોલીસે શું લખેલુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે જયેશભાઈ અને બાબાભાઈને મારે કયારેય પણ મળવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે પો.સ્ટેશનમાં પોલીસે મારો જે જવાબ લીધેલો તે મે વાંચેલ નહી પોલીસે લખેલો. એ વાત ખરી નથી કે મારૂતીનંદન ગ્રુપ નામની ઈનામી યોજનાની કોઈ સ્કીમ ચાલતી ન હતી અને હું તેમાં સભ્ય ન હતો. એ વાત ખરી નથી કે આવી કોઈ સ્કીમ હતી નહી અને હું તેમાં સભ્ય ન હતો અને મે તેમાં કોઈ પૈસા ભરેલા નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને હેરાન કરવા માટે ખોટી ફરીયાદ આપેલી છે. "
- સદર સાહેદની ઉલટ તપાસ માટે આરોપી નં.૨,૩,૪ ના વિ.વ.શ્રી. હાજર રહેલ ન હોવાથી તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **<u>સાહેદ ઉપેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પરમારને આંક–૮૨ થી</u>** તપાસવામાં આવેલ છે, જેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, " હું ધોરણ–૧૦ પાસ છું. હું ફરિયાદી કમલેશભાઈ ચંપકભાઈ પ્રજાપતિને ઓળખું છું. કમલેશભાઈ પ્રજાપતિની ફરસાણની દુકાન છે અને છેલ્લા ત્રીસ વર્ષથી કાસોર મુકામે રહે છે. મારૂતી

નંદન ઈનામી યોજનામાં કમલેશભાઈ પ્રજાપતિએ પણ ઈનામી યોજનાની ટીકીટ લીધેલી અને મે પણ લીધેલી. મારૂતીનંદન ઈનામી યોજનામાં પહેલા મહિનામાં સો રૂપીયા ભરવાના હતા અને ત્યારબાદ બસ્સો એમ દર મહીને અલગ અલગ રકમ આ ઈનામી યોજનામાં ભરવાની થતી હતી અને તે રકમ અમોએ પુરેપુરી ભરેલી. મારૂતીનંદન ઈનામી યોજનામાં અમારા ગામના હીતેશભાઈ દીનેશભાઈ પ્રજાપતિ અને કલ્પેશભાઈ જશભાઈ રાવલ તેઓ આ ઈનામી યોજનાના એજન્ટ હતા અને આ બન્નો જણાઓએ અમોને સમજાવેલ કે, તમે ઈનામી યોજનામાં પૈસા ભરશો તો તમને ચોકકસ ઈનામ મળશે અને હપ્તાના પુરેપુરા પૈસા ભરપાઈ થઈ જાય તો ચોકકસપણે ઈનામ તમને મળશે અને તેઓએ અમોને ડેમો બતાવેલો અને ઈનામ લાગશે તેવી પાકી બાંહેધરી આપેલી. જેથી અમોએ મારૂતીનંદન ઈનામી યોજનામાં પૈસા રોકવાના ચાલુ કર્યા હતા. મારૂતીનંદન ઈનામી યોજનામાં લકી ડ્રો થઈ ગયા હતા. તેમાં મને કોઈ ઈનામ લાગેલુ નહીં પરંતુ મેં ઈનામી યોજનામાં પુરેપુરા હપ્તા ભરવાથી ઈનામ મળશે એવી પાકકી બાંહેધરી આપેલ હોવા છતાં મને કોઈ ઈનામ આપેલ નહીં. બનાવની ફરિયાદ કમલેશભાઈએ સોજીત્રા પોલીસ સ્ટેશનમાં આપેલી. તે વખતે હું તેઓની સાથે હતો અને આ કમલેશભાઈએ ફરીયાદની સાથે ઈનામી યોજનાને લગત ટીકીટો અને સામગ્રી પો.સ્ટે. ને આપેલી. મારૂતીનંદન ઈનામી યોજના ચાર થી પાંચ વ્યકિતઓ ચલાવતા હતા જેમાંથી હું રાજુભાઈ મીસ્ત્રીને ઓળખુ છું.

જે કોર્ટમાં હાજર છે તે જ છે, બાકીના આરોપીઓને જોયેથી ઓળખી શકું જે કોર્ટમાં હાજર નથી. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી નથી કે હું મારૂતીનંદન ઈનામી યોજનાનો સભ્ય હોય તેવો કોઈ પુરાવો મેં હાલનાં કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે મારૂતીનંદન વાળી યોજનામાં કોઈ પૈસા ભરેલા હોય તેવો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. સાહેબ જણાવે છે કે, મેં સોજીત્રા પો.સ્ટેશનમાં પુરાવા આપેલા એ વાત ખરી નથી કે, મારૂતીનંદન ઈનામી યોજનાની ઓફિસ કયાં આવેલ હતી તથા તેના કેટલા સભ્ય હતા તથા તે કોણ ચલાવતુ હતુ તેની મને માહીતી નથી. સાહેદ જણાવે છે કે મારૂતીનંદન ઈનામી યોજનાની ઓફિસ પેટલાદ આવેલ હતી. મારા સિવાય અમારા ગામના અન્ય લોકો પણ તેમાં સભ્ય બનેલા અને તે રાજુભાઈ મિસ્ત્રી ચલાવતા હતા તેમજ અમારા ગામના બે એજન્ટો ચલાવતા હતા. એમ મેં ચાર નામ જણાવેલા છે. મારા સિવાય કમલેશ પ્રજાપતિ, જયમીનભાઈ કનુભાઈ, જીગ્નેશભાઈ ગીરીશભાઈ, અરવિંદભાઈ ખોડાભાઈ વિગેરે સભ્યો હતા. એ વાત ખરી નથી કે, રાજુભાઈ મીસ્ત્રીને મારે કયારેય પણ મળવાનો પ્રસંગ બનેલ નથી. સાહેદ જણાવે છે કે, અમારા ગામે એક વખત ડ્રો કરેલો ત્યારે તે હાજર હતા. ડ્રો કઈ તારીખે થયેલ તે તારીખ મને યાદ નથી. એ વાત ખરી નથી કે હું મારૂતીનંદન

ઈનામી યોજનામાં સભ્ય ન હતો અને આવી કોઈ ઈનામી યોજના ચાલતી ન હતી એ વાત ખરી નથી કે હું સોગંદ પર ખોટી જુબાની આપુ છું. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૨,૩ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી છે કે આ ઈનામી યોજના હેઠળ હું બાબભાઈ ભમ્મરને કયારેય પણ મળેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે મેં તેમને માત્ર કોર્ટમાં જોયેલ છે. એ વાત ખરી છે કે આ ઈનામી યોજના હેઠળ બાબાભાઈ ભમ્મરે મને કોઈ ટીકીટ આપેલ હોય તેવું થયેલ નથી. એ વાત ખરી છે કે હીતેશભાઈ દીનેશભાઈ પ્રજાપતિ અમારા કાસો ર ગામના હોય જેથી હું તેમને સારી રીતે ઓળખુ છું. એ વાત ખરી નથી કે, તેમણે ઈનામી યોજના હેઠળ મને કોઈ ટીકીટ આપેલ હોય તેવું બનેલ નથી. સાહેદ જણાવે છે કે તેમના મારફતેથી જ ટીકીટ લીધેલી. એ વાત ખરી નથી કે આ ઈનામી યોજનાનું સમગ્ર સંચાલન કલ્પેશભાઈ દીનેશભાઈ રાવલ કરતા હતા. સાહેદ જણાવે છે કે બન્ને વ્યકિત એટલે કે, હીતેશભાઈ દીનેશભાઈ પ્રજાપતિ અને કલ્પેશભાઈ જશભાઈ રાવલ કરતા હતા. એ વાત ખરી નથી કે આ કામે બાબાભાઈ ભીખાભાઈ ભમ્મર નાઓએ કહેવાતો કોઈ પણ જાતનો ગુનો કરેલ ન હોવા છતાં તમોએ આ ગુનાના કામે તેમનું નામ ખોટી રીતે આપી ખોટી રીતે સંડોવણી કરેલ છે. "

- સદર સાહેદની ઉલટ તપાસ માટે આરોપી નં.૪ ના વિ.વ.શ્રી. હાજર

રહેલ ન હોવાથી તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **<u>સાહેદ જૈમીનભાઇ કનુભાઇ પરમારને આંક–૮૩</u>** તપાસવામાં આવેલ છે, જેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, " હું ધોરણ–૯ પાસ છું. હું ફરિયાદી કમલેશભાઈ ચંપકભાઈ પ્રજાપતિને ઓળખું છું. કમલેશભાઈ પ્રજાપતિની ફરસાણની દુકાન છે અને છેલ્લા ત્રીસ વર્ષથી કાસોર મુકામે રહે છે. આજથી આશરે આઠેક વર્ષ પહેલા મેં હિતેશભાઈ દીનેશભાઈ પ્રજાપતી પાસેથી ઈનામી યોજનાની ટીકીટ ખરીદી હતી. તે ઈનામી યોજનાનું નામ મને ખબર નથી. તેમજ કેટલા રૂપિયાની આ ઈનામી યોજના હતી તે મને ખબર નથી. હિતેશભાઈ સિવાય બીજા કોઈ વ્યકિતને મેં કંઈ આપેલ નહી કે હું તેઓને ઓળખતો નથી. ઈનામી યોજનામાં મને કોઈ ઈનામ લાગેલ નહીં. હિતેશભાઈએ ઈનામી યોજનામાં જોડાવવા માટે મને સમજાવેલ કે, લકકી ડ્રોમાં કોઈ ઈનામ ના મળે તો છેલ્લે કોઈને કોઈ ઈનામ આપવામાં આવે છે તેવો વિશ્વાસ આપેલો. અમે સોજીત્રા પો.સ્ટેશનમાં ગયેલા ત્યારે ઈનામી ડ્રો યોજનાની જે કુપનો મેં હાલ ખરીદેલ તે મેં સોજીત્રા પો.સ્ટે. માં આપેલ. પોલીસે મારો જવાબ લીધેલ કે કેમ તે હાલ મને યાદ નથી. આરોપી નં. ૧ થી ૩ને ઓળખતો નથી. નં.૪ ને ઓળખુ છુ, જે મારો મીત્ર છે જે કોર્ટમાં હાજર છે તે છે. "

◆ સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી દ્વારા કરવામાં

આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી નથી કે પોલીસે માત્ર મારૂ નામ ઠામ પુછેલું બીજુ કંઈ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, પોલીસે મારા જવાબમાં શું લખેલ તે હું કહી શકુ નહીં. એ વાત ખરી નથી કે મારૂતિનંદન યોજના નામની કોઈ સ્કીમ ચાલતી ન હતી તેમજ હું તેનો સભ્ય ન હતો હું ખોટી જુબાની આપુ છું. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૨,૩ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી નથી કે પોલીસે માત્ર મારૂ નામઠામ પુછેલું બીજુ કાંઈ પુછેલ નહીં. એ વાત ખરી છે કે પોલીસે મારા જવાબમાં શું લખેલ તે હું કહી શકુ નહીં. એ વાત ખરી નથી કે મારૂતિનંદન યોજના નામની કોઈ સ્કીમ ચાલતી ન હતી તેમજ હું તેનો સભ્ય ન હતો હું ખોટી જુબાની આપુ છું. "
- સદર સાહેદની ઉલટ તપાસ માટે આરોપી નં.૪ ના વિ.વ.શ્રી. હાજર રહેલ ન હોવાથી તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **<u>સાહેદ હર્ષદભાઇ નીલેશભાઇ પરમારને આંક-૮૪ થી</u>** તપાસવામાં આવેલ છે, જેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, " હું ધોરણ-૧૦ પાસ છું. હું ફરિયાદી કમલેશભાઈ ચંપકભાઈ પ્રજાપતિને ઓળખું છું.કમલેશભાઈ પ્રજાપતિ અમારા ગામના છે અને તેઓએ સોજીત્રા પો.સ્ટેશનમાં ઈનામી ડ્રો બાબતે ફરિયાદ કરેલી અને તે કેસના અમે સાક્ષી છે. મારૂતીનંદન ઈનામી યોજનામાં

જોડાવવા માટે અમોને હીતેશભાઈ પ્રજાપતિ અને રીતેશભાઈ રાવલે અમોને ઈનામી ચોનામી ચોજનામાં જોડાવવા માટેની સમજણ આપેલી. આ બન્ને વ્યકિતઓએ અમોને સમજાવેલ કે, ૧ થી ૧૦ નંબરના ઈનામો જો તમે કુપન લો અને મહીને પૈસા ભરો તો તમારે ચોકકસ ડ્રો વખતે ઈનામ લાગશે. મારૂતિનંદન ઈનામી ચોજનામાં મે કુલ–૫૦૦૦/ રૂપિયા રોકયા હતા અને તે રૂપીચા મેં હીતેશ પ્રજાપતિને આપેલા અને આ પૈસાના બદલામાં હીતેશ પ્રજાપતિએ મને મારૂતીનંદન ઈનામી ચોજનાની કુપનો આપેલ હતી અને તે કુપનો મેં સોજીત્રા પો.સ્ટેશનમાં પોલીસને આપેલી હતી. મારૂતિનંદન ઈનામી ચોજનાની સ્કીમમાં હું ૨૦૧૭ માં જોડાયો હતો અને મેં પૈસા રોકયા હતા. મારૂતિનંદન ઈનામી ચોજના સ્કીમની ઓફિસ કયાં આવેલી હતી તેમજ તેને કોણ ચલાવતુ હતું તેની મને ખબર નથી પરંતુ હિતેશભાઈ પ્રજાપતિએ મને જણાવેલ કે, તમે ઈનામી ડ્રોમાં પૈસા રોકો અને જો તમારા પૈસા જશે તો હું તમને પરત આપી દઈશ. ઈનામી ચોજનાજી કુપનો મેં હિતેશ અને રીતેશના ભરોસે ખરીદી હતી. હું આરોપી નં.૧,૨ ને ઓળખતો નથી. આરોપી નં. ૩,૪ ને ઓળખુ છું. જે પૈકી નં.૪ હાજર છે. નં.૩ હાજર નથી. "

- સદર સાહેદની આરોપી નં.૧ તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.
- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૨,૩ ના વિ.વ.શ્રી દ્વારા

કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી છે કે હિતેશભાઈ પ્રજાપતી અમારા કાસોર ગામનાં હોય જેથી હું તેમને સારી રીતે ઓળખું છું. એ વાત ખરી છે કે હું બીજા કોઈ આરોપીઓને ઓળખતો નથી. એ વાત ખરી છે કે, હિતેશભાઈએ કોઈ કુપન મને આપેલ હોય તેવું બનેલ નહીં. એ વાત ખરી છે કે હું પો. સ્ટેશને ગયેલો એટલે પોલીસે મારૂ નામ સરનામું પુછેલું. "

- સદર સાહેદની આરોપી નં.૪ તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **સાહેદ મહેશભાઈ મનુભાઈ પરમારને આંક–૮૭ થી** તપાસવામાં આવેલ છે, જેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, " હું ધોરણ–૧૦ સુધી ભણેલો છું. હું કમલેશભાઈ ચંપકભાઈ પ્રજાપતિ, હિતેશભાઈ દિનેશભાઈ પ્રજાપતિ, કલ્પેશભાઈ જશભાઈ પ્રજાપતિને ઓળખુ છું. હું જયેશભાઈ રાજુભાઈ મીસ્ત્રી તથા બી.એચ.ભમ્મરને ઓળખતો નથી. સને ૨૦૧૪ની સાલમાં હિતેશના કહેવાથી હું લકકી ડ્રો ઈનામી યોજનામાં જોડાયો હતો અને તેમાં મે આશરે ચારેક હજાર રૂપિયા જેવા હપ્તે હપ્તે ભરેલા હતા. જે ઈનામી યોજના હતી તેનું નામ મારૂતી હતું. ઈનામી યોજનામાં જોડાતા પહેલા હીતેશભાઈ અને રાવલભાઈએ જણાવેલું કે ઈનામી યોજનામાં તમે જોડાશો તેમ જ પૈસા ભરશો તો ચોકકસ તમને ઈનામ

મળશે અને જો ડ્રોમાં ઈનામ ન મળે તો પણ તમને કાંઈકને કાંઈક વસ્તુ આપવામાં આવશે તે વખતે મેં ઈનામી ડ્રોની ટીકીટ લેતી વખતે હોમ થીયેટરનું નામ લખાવેલ પરંપુ ઈનામી ડ્રો યોજનામાં મને આજદીન સુંધી કોઈ વસ્તુ મળેલ નથી. પોલીસે મારો જવાબ લીધેલો નથી. આરોપી નં.૪ કોર્ટમાં હાજર છે તેને ઓળખુ છું. આરોપી નં.૧,૨ ને ઓળખતો નથી તથા ૩ હાજર નથી પરંતુ ઓળખુ છું. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી છે કે સને ૨૦૧૪ ની સાલમાં હું મારૂતીનંદન યોજનામાં જોડાયેલો તેવું દર્શાવતો પુરાવો મેં હાલનાં કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ઈનામી યોજનામાં જોડાતા પહેલા હિતેશભાઈ રાવલે મને કહેલ કે તમે યોજનામાં જોડાશો તો ચોકકસ ઈનામ મળશે અને ઈનામ ન મળે તો ચોકકસ બીજી કોઈ વસ્તુ મળશે. એ વાત ખરી નથી કે ઈનામી ડ્રો ની ટીકીટ લેતી વખતે હોમ થીયેટરનું નામ લખાવેલુ પરંતુ ઈનામી ડ્રો યોજનામાં મને આજદીન સુંધી કોઈ વસ્તુ મળેલ નથી એ હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે આરોપીઓ કોઈ મારૂતીનંદન યોજના ચલાવતા ન હતા અને હું તેમાં સભ્ય ન હતો અને હું ખોટી જુબાની આપુ છું."
- સદર સાહેદની જે ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે, તે ઉલટ તપાસ આરોપી નં.૨,૩ ના વિ.વ.શ્રી એડોપટ

કરવામાં આવેલ છે.

- સદર સાહેદની આરોપી નં.૪ તરફે કોઇ કોઇ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **સાહેદ જીગ્નેશકુમાર ગીરીશભાઇ પરમારને આંક–૮૮ થી** તપાસવામાં આવેલ છે, જેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, " હું ધોરણ–૧૦ સુંધી ભણેલો છું. કલ્પેશભાઈ રાવલને તથા હિતેશભાઈને ઓળખુ છું. સને ૨૦૧૪ની સાલમાં હું કોઈ ઈનામી સ્કીમમાં જોડાયો હોય અને મેં પૈસા રોકયા હોય તેવું યાદ આવતુ નથી પરંતુ મેં ટીકીટ લીધેલી. મને કોઈ ઈનામ લાગેલ નહીં. પોલીસે મારો જવાબ લીધેલો નહીં. આરોપી નં.૪ આજરોજ કોર્ટમાં હાજર છે અને હું તેને ઓળખુ છું. આરોપી નં.૧,૨ ને ઓળખતો નથી તથા ૩ હાજર નથી પરંતુ ઓળખુ છું. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી નથી કે મેં ટિકીટ લીધેલી તે હકીકત ખોટી જણાવુ છુ અને આરોપીને ખોટી રીતે ઓળખી બતાવુ છું. "

- સદર સાહેદની જે ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે, તે ઉલટ તપાસ આરોપી નં.૨,૩ ના વિ.વ.શ્રી એડોપટ કરવામાં આવેલ છે.

- સદર સાહેદની આરોપી નં.૪ તરફે કોઈ કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૨૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા **<u>સાહેદ પ્રકાશભાઇ ચીમનભાઇ ગોહેલને આંક-૧૦૧ થી</u>** તપાસવામાં આવેલ છે, જેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, " હું ધો-૧૦ સુધી ભણેલ છું. હું આ કામના ફરિયાદી કમલેશભાઈ ચંપકભાઈ પ્રજાપતિને ઓળખુ છું. સને-૨૦૧૪ ની સાલમાં મેં હિતેશભાઈ પ્રજાપતિ પાસેથી ઈનામી ડ્રોની એક ટીકીટ લીધી હતી અને તેની કીંમત રૂ.૪૦૦૦ ચુકવવામાં આવેલી. હિતેશભાઈની સાથે બીજા કોઈ વ્યકિત હતા કે કેમ ? હાલ મને યાદ નથી. ઈનામી ટીકીટ લેતા પહેલાં હીતેશભાઈ એ મને કહેલ કે, જો ઈનામ નહી લાગે તો પણ પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. ઈનામી ડ્રોની ટીકીટ લીધા પછી મને કોઈ ઈનામ લાગેલુ નહી અને તે પછી પણ મને કોઈ પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ નહીં. બનાવ સંબંધી પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી નં.૧,૨ ને ઓળખતો નથી. નં.૩,૪ ને ઓળખુ છું. જે બન્ને કોર્ટમાં હાજર છે તે જ છે. "

- સદર સાહેદની ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે " એ વાત ખરી છે કે પોલીસે મારો જવાબ કઈ તારીખે લીધેલો તે હું કહી શકુ નહીં. એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારૂ નામ ઠામ પુછેલું તે સિવાય કંઈ પુછેલ નહીં. એ વાત

ખરી છે કે પોલીસે શું લખેલુ તે મેં વાંચેલ નહીં. એ વાત ખરી નથી કે હું જે જણાવુ છું તેવી કોઈ ઈનામી યોજનામાં હું સભ્ય બનેલ નથી કે હિતેશભાઈએ મને કોઈ સભ્યપદની ટીકીટ આપેલ નથી. એ વાત ખરી નથી કે, હિતેશભાઈએ જો ઈનામ નહીં લાગે તો પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે એવી હકીકત જણાવેલ નહીં. એ વાત ખરી નથી કે આરોપી નં. ૩,૪ મારા ગામના થતા હોય હું ખોટી રીતે ઓળખી બતાવુ છું. "

- સદર સાહેદની જે ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે, તે ઉલટ તપાસ આરોપી નં.૨,૩ ના વિ.વ.શ્રી એડોપટ કરવામાં આવેલ છે.

- સદર સાહેદની જે ઉલટ તપાસ આરોપી નં.૧ ના વિ.વ.શ્રી. ધ્વારા કરવામાં આવેલ છે, તે ઉલટ તપાસ આરોપી નં.૪ ના વિ.વ.શ્રી એડોપટ કરવામાં આવેલ છે.

**(૨૧)** સદર કામના સાહેદ અરવિંદભાઈ ખોડાભાઈ પરમારનો મરણનો દાખલો આંક–૯૦ તથા ત.ક.અમલદાર બાબુભાઈ ભીખાભાઈનો મરણનો દાખલો આંક–૯૨ થી રજુ થયેલ છે, જે જોતા સદર બંને સાહેદ મરણ ગયેલ હોવાથી તેમનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૨૨)** આરોપી વિરૂધ્ધ જે ગુનાનુ તહોમત છે તે સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટ ધ્વારા કેસોમાં કરવામાં અવલોકનો આ તબકકે ધ્યાન સમક્ષ ધ્યાને લેવામાં આવે તો, In the Case of Kuriachan Chacko And Ors. Versus State Of Kerala, 2008 (0)

AIJEL–SC 41762 in Para No – 17 to 27 observed that, Hridaya Ranjan Prasad Verma V/s. State of Bihar, JT 2000 (3) SC 604, In the Case of S.W. Palamitkar V/s. State of Bihar JT 2001 (9) SC 151 ના ચુકાદામાં કરવામાં આવેલ અવલોકનો તેમજ Remo Marketing Pvt.Ltd.Through Its Director Jiten Jagvir Versus State Of Gujarat 2004 (0) AIJEL–HC 210581 and in the Case of State of West Bengal and others V/s. Swapan Kumar Guha and others reported in (1982)1 SCC 561 wherein it is held as under :

["(1) The definition of the expression `money circulation scheme' contained in Sec. 2(c) of the Act does not comprehend within its scope any and every activity "for the making of quick or easy money". Two conditions must be satisfied before a person can be held guilty of an offence under Sec. 4 read with Secs. 3 and 2(c) of the Act. In the first place, it must be proved that he is promoting or conducting a scheme for the making of quick or easy money and secondly, the chance or opportunity of making quick or easy money must be shown to depend upon an event or contingency relative or applicable to the enrolment of members into that scheme. In other words, there has to be a community of interest in the happening of such event or contingency.]

A 'scheme' is a carefully arranged and systematic

programme of action. The systematic programme has to be a consensual arrangement between two or more persons under which, the subscriber agrees to advance or lend money on promise of being paid more money on the happening of any event or contingency related or applicable to the enrolment of members into the programme. Reciprocally, the person who promotes or conducts the programme promises, on receipt of an advance or loan, to pay more money on the happening of such event or contingency. Therefore, a transaction under which one party deposits with the other or lends to that other a sum of money on promise of being paid interest at a rate higher than the agreed rate of interest cannot, without more, be a 'money circulation scheme' within the meaning of Sec. 2(c) of the Act, howsoever high the promised rate of interest may be in comparison with the agreed rate. He who conducts or promotes a money-spinning project may have manifold resources from which to pay fanciful interest by luring the unwary customer. But, unless the project envisages a mutual arrangement under which, the happening or non-happening of an event or contingency relative or applicable to the enrolment of members into that arrangement is of the essence, there can be no "money circulation scheme" within the meaning of

Sec. 2(c) of the Act.

(2) The police do not have an unfettered discretion to commence investigation under Sec. 157 of the Code. Their right of enquiry is conditioned by the existence of reason to suspect the commission of a cognizable offence and they cannot, reasonably, have reason so to suspect unless the F.I.R., prima facie, discloses the commission of such offence. If that condition is satisfied, the investigation must go on and the rule in Khwaja Nazir Ahmad case will apply. The court has then no power to stop the investigation. On the other hand, if the F.I.R. does not disclose the commission of a cognizable offence, the court would be justified in quashing the investigation on the basis of the information as laid or received." The same view as observed in the Case of Kamal Krishna Chopra & others V/s. State of UP and another, reported in 1999(2) Crimes 162, and S. W. Palanitkar and others V/s. State of Bihar and another, reported in (2002) 1 S.C.C. 241,

**(૨૩)** આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧,૨ તથા નાસતા ફરતા આરોપી એસ.બી.ભમ્મર નાઓએ પેટલાદ મુકામે મારૂતી નંદન ગૃપ નામની ઈનામી ડ્રો નું આયોજન કરેલ તથા આરોપી નં.૩,૪ નાઓએ મારૂતી નંદન ગૃપ ઈનામી સ્કીમના એજન્ટો બની તા.૧/૪/૨૦૧૪ થી તા.૨૫/૬/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કાસોર

મુકામે આવેલ ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ તથા સાહેદો પાસેથી ઈનામી ડ્રો ના નાણાં ઉઘરાવેલ તથા ફરીયાદી, સાહેદોને છેલ્લા દસમાં ડ્રો માં લાગેલ ઈનામો નહિ આપેલ તથા ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

– અગાઉ પેરા નં.૧૩ તથા નં.૨૨ માં જણાવવામાં આવેલી ધારાકીય જોગવાઇ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઇકોર્ટ ધ્વારા કેસ–લો માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો,

– આ કામે આંક–૨૭ થી ફરીયાદી કમલેશભાઇ ચંપકલાલ પ્રજાપતિ નાઓની જુબાની લેવામાં આવે તો, આ કામના આરોપી હિતેશભાઇ દિનેશભાઇ પ્રજાપતિ, કલ્પેશભાઇ જશભાઇ રાવળ નાઓ તેમના ગામના હોવાથી ઓળખે છે અને તેઓ મારૂતી નંદન ગ્રુપની ઈનામી યોજનાના એજન્ટ હતા અને તેઓએ તેમને જણાવેલ હતું કે ઈનામી યોજનામાં પૈસા ભરશો તો ઈનામ લાગશે અને હપ્તાની પુરેપુરી રકમ ભરપાઇ થઈ જાય ત્યાર બાદ કોઈને કોઇ ઈનામ ચોકકસપણે આપવામાં આવશે, જેથી તેઓએ હિતેશભાઇ તથા કલ્પેશભાઇ પાસેથી મારૂતી નંદન ગ્રુપની ઈનામી યોજનામાં રૂપીયા ભરીને ટિકીટ ખરીદેલ હોવાનું અને ત્યાર બાદ અલગ અલગ રકમ ઈનામી યોજનામાં ભરેલ હતી અને ડ્રો થયા બાદ તેઓને ઈનામમાં ઈઓન ગાડી લાગેલ હતી પરંતુ તે ગાડી તેઓને આપવામાં આવેલ નહિ તેમજ ત્યાર બાદ હિતેશભાઇએ જણાવેલ કે ગ્રુપના મેઈન સંચાલક ભમ્મર ફરાર થઈ ગયેલ છે

અને ત્યાર બાદ તેઓએ ફરીયાદ આપેલ હતી. વધુમાં તેઓએ જણાવેલ છે કે તેમની સાથે ગામના બીજા ૪૦ થી ૫૦ માણસોએ ઇનામી યોજનામાં રકમ ભરેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ આંક–૮૨ થી ઉપેન્દ્રભાઇ ઇશ્વરભાઇ પરમાર, આંક–૮૩ થી જયમીનભાઇ કનુભાઇ પરમાર, આંક–૮૪ થી હર્ષદભાઇ નીલેશભાઇ પરમાર, આંક–૮૭ થી મહેશભાઇ મનુભાઇ પરમાર, આંક–૮૮ થી જીગ્નેશકુમાર ગીરીશભાઇ પરમાર તથા આંક–૧૦૧ થી પ્રકાશાભાઇ ચીમનભાઇ ગોહેલ  નાઓનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપી હિતેશભાઇ દિનેશભાઇ પ્રજાપતિ, કલ્પેશભાઇ જશભાઇ રાવળ નાઓ તેમના ગામના હોવાથી ઓળખે છે અને તેઓ મારૂતી નંદન ગ્રુપની ઇનામી યોજનાના એજન્ટ હતા અને તેઓએ તેમને જણાવેલ હતું કે ઇનામી યોજનામાં પૈસા ભરશો તો ઇનામ લાગશે અને હપ્તાની પુરેપુરી રકમ ભરપાઇ થઇ જાય ત્યાર બાદ કોઇને કોઇ ઇનામ ચોકકસપણે આપવામાં આવશે, જેથી તેઓએ હિતેશભાઇ તથા કલ્પેશભાઇ પાસેથી મારૂતી નંદન ગ્રુપની ઇનામી યોજનામાં રૂપીયા ભરીને ટિકીટ ખરીદેલ હોવાનું અને ત્યાર બાદ અલગ અલગ રકમ ઇનામી યોજનામાં ભરેલ હતી અને ડ્રો થયા બાદ તેઓને કોઇ ઇનામ મળેલ નહિ તેમજ પુરેપુરી રકમના હપ્તા ભરવા છતાં પણ તેઓને કોઇ ઇનામ આપવામાં આવેલ ન હોવાની હકીકત જણાવેલ છે.

– આમ રેકર્ડ ઉપર આવેલ પુરાવા ધ્યાને લેતા ફરીયાદી તથા સાહેદોએ મારૂતી નંદન ગ્રુપની ઇનામી યોજનાના એજન્ટો આરોપી હિતેશભાઇ દિનેશભાઇ

પ્રજાપતિ તેમજ કલ્પેશભાઇ જશભાઇ રાવળ નાઓ કે જે ફરીયાદી તથા સાહેદોના ગામના છે તેમની પાસેથી રૂપીયા આપીને ટિકીટ ખરીદેલ હોવાનું અને ત્યાર બાદ હપ્તા ભરતા હોવાની હકીકત અને ત્યાર બાદ ફરીયાદીને લાગેલ ઈનામ નહિ આપી તેમજ હપ્તાની પુરેપુરી રકમ ભરપાઇ થઇ ગયા બાદ સાહેદોને કોઇને કોઇ ચોકકસ ઈનામ નહિ આપીને ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે તેમજ ફરીયાદી તથા સાહેદોએ સદર અસલ ટિકીટ તથા મારૂતી નંદ ગ્રુપ યોજનાના નિયમો તેમજ પૈસા ભરવા બદલની પહોંચો પોલીસમાં જમા કરાવેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ સદર કામે આવા કોઇ અસલ પુરાવા રજુ થયેલ નથી તેમજ રેકર્ડ ધ્યાને લેતા પણ સદર દસ્તાવેજી પુરાવા પોલીસ ધ્વારા પંચનામું કરી કબજે લેવામાં આવેલ હોય તેવી પણ કોઈ હકીકત જણાય આવતી નથી. સદર કામના ત.ક.અમલદાર બાબુભાઈ ભીખાભાઇ નાઓ મરણ ગયેલ હોવાથી ફરીયાદીના કહેવા મુજબના દસ્તાવેજો એટલે કે મારૂતી નંદન ગ્રુપ યોજનાની અસલ ટિકીટ તથા મારૂતી નંદ ગ્રુપ યોજનાના નિયમો તેમજ પૈસા ભરવા બદલની પહોંચો ક્યારે, ક્યાંથી અને કોની હાજરીમાં જપ્ત થયા તે સાબિત થઈ શકતું નથી તેમજ સદર દસ્તાવેજો કેવી રીતે પોલીસ સુધી પહોંચ્યા તેનો કોઈ જ સત્તાવાર રેકોર્ડ પંચનામાના અભાવે મળતો નથી. જેથી માત્ર ફરિયાદીના કહેવાથી દસ્તાવેજ સાચો માની શકાય નહીં.

વધુમાં ફરીયાદીના કહેવા મુજબ તેઓને ડ્રો ઇઓના ગાડી લાગેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ ફરીયાદી ધ્વારા સદર હકીકત પુરવાર

કરતો કોઈ પુરાવો કોઈ લેખીત પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

- વધુમાં સદર કામે રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવા ધ્યાને લેતા તેઓ ધ્વારા મારૂતી નંદન ગ્રુપ યોજનાની ટિકીટ ખરીદેલ હોવાનું અને ત્યાર બાદ હપ્તાની રકમ ભરતા હોવાની હકીકત જણાવેલ છે, જે હકીકત ધ્યાને રાખતા તેઓ '' Interested Witness '' હોવાનું જણાય આવે છે પરંતુ તે સીવાય અન્ય કોઈ સ્વતંત્ર કે તટસ્થ સાહેદોના નિવેદન કે કોઈ લેખીત દસ્તાવેજી આધાર પુરાવા રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી પણ ફરીયાદપક્ષના કેસ સામે શંકા ઉપજાવે છે.

- વધુમાં ફરીયાદી તથા સાહેદોના કહેવા મુજબ આરોપી હિતેશભાઈ તથા આરોપી કલ્પેશભાઈના કહેવા મુજબ તેઓએ મારૂતી નંદન ગ્રુપની ઈનામી યોજનામાં રોકાણ કરેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ તેઓ ધ્વારા સદર ઈનામી યોજના બાબતે તેઓ ધ્વારા કોઈ માહિત મેળવવામાં આવેલ હોય કે આ યોજના બાબતે તપાસ પણ કરેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં મારૂતી નંદન ગ્રુપની ઈનામી યોજનાની ન્યુઝ પેપર ધ્વારા કે અન્ય કોઈ માધ્યમ ધ્વારા જાહેરાત કરવામાં આવેલ હોય તે સંબધેના પણ કોઈ પુરાવા રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી પણ ફરીયાદપક્ષના કેસ સામે શંકા ઉભી થાય છે.

- ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં, સદર ગુનો ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ-૫,૬ અન્વયે નોંધાયેલ છે અને સદર ગુનો મુખ્યત્વે દસ્તાવેજી

પુરાવા ઉપર આધાર રાખે છે પરંતુ સદર કામે કોઈ અસલ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી  તેમજ સદર ગુનાની તપાસ કરનાર અમલદાર મરણ ગયેલ હોવાથી તેમનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ફરીયાદીના કહેવા મુજબના દસ્તાવેજો કેવી રીતે પોલીસ સુધી પહોંચ્યા તે બાબતેનું કોઈ પંચનામું પણ રેકર્ડ ઉપર આવેલ નથી. સદર કામે રેકર્ડ ઉપર આવેલ દસ્તાવેજીની ઝેરોક્ષ નકલ તથા મૌખીક પુરાવા ધ્યાને લેતા હાલનો ગુનો આ કામના આરોપીઓ ધ્વારા જ કરવામાં આવેલ હોય તેવી બાબત રેકર્ડ ઉપર આવેલ નથી. ક્રિમીનલ ટ્રાયલમાં ફરીયાદપક્ષની મહત્વની અને મુળભુત ફરજ રહેલ છે કે, આરોપીઓ સામેનો કેસ તેઓ વ્યાજબી શંકાથી પર રહી પુરવાર કરે. ફરીયાદપક્ષે પોતાનો કેસ મજબુત, સ્પષ્ટ, ચોકકસ અને આધારભુત પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. ફરીયાદપક્ષે રજુ થયેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની ધ્યાને લેતાં હાલના આરોપીઓએ મારૂતી નંદન ગ્રુપ નામની ઈનામી ડ્રો નું આયોજન કરી તેમની પાસેથી નાણાં ઉઘરાવેલ અને ત્યાર બાદ તેઓને ઈનામ નહિ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ સદર હકીકત પુરવાર કરવા માટેના મહત્વના દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે તથા અસલ દસ્તાવેજો તેઓએ પોલીસને આપેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ પોલીસ ધ્વારા આવા મહત્વના દસ્તાવેજો કબજે કરેલ હોય તેવું કોઈ પંચનામું રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ફરીયાદપક્ષના કેસની હકીકત શંકાશીલ બનેલ છે. માત્ર દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષ નકલને આંકે પડી જવાથી કોઈ દસ્તાવેજો

પુરવાર થયેલા ગણાય નહીં.

(૨૪) ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા ફરીયાદપક્ષના કેસમાં ગયેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ ઉપરના પુરાવાઓ ઉપરથી એક બાજુ જણાઇ આવતું હોય કે આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો કોઇ ગુનો આરોપીઓએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષના કેસમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે. ફોજદારી ન્યાય શાસ્ત્રનો એવો પણ સિધ્ધાંત છે કે, સો ગુન્હેગારો ભલે છુટી જાય પરંતુ કોઇ નિર્દોષ માણસને ખોટી રીતે સજા થવી જોઇએ નહી. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699, Ranjitsingh Brahmajeetsingh Sharma V. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 ના કેસ લો નો આધાર લઇ kailash Gaur V/s. State of Aasam A.I.R. 2012 SC 786 ચુકાદાના પેરા નંબર:- ૨૮ માં એવુ અવલોકન કરવામાં આવેલ છે કે :- " It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well

settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 ના ચુકાદામાં એવુ અવલોકન કરવામાં આવેલ છે કે :- " Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India."

(૨૫) આરોપીઓ સામે પોલીસ ચાર્જશીટ આધારીત ફોજદારી કેસ દાખલ થયેલ છે. ફોજદારી કેસમાં ક્રિમીનલ જયુરીસપ્રુડન્શના Cardinal Principles જોઇએ તો, ...1. prosecution to prove its case beyond reasonable doubt. 2. The accused must be presumed to be innocent. 3. The onus of the prosecution never shifts. The criminal jurisprudence has given a wider

area to the accused. There is no only moral conviction, Howsoever grave the alleged offence may be, suspicion alone cannot take the place of legal proof. The well established cannon of criminal justice is "fouler the crime higher the proof". ફોજદારી ન્યાયશાસ્ત્ર મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ સ્પષ્ટ, ચોકકસ, મજબુત, વિશ્વાસજન્ય આધારભુત પુરાવા સાથે પુરવાર કરવાનો હોય છે. ફરીયાદપક્ષની આ મુખ્ય અને મુળભુત ફરજ છે. ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં.૧,૨ તથા નાસતા ફરતા આરોપી એસ.બી.ભમ્મર નાઓએ પેટલાદ મુકામે મારૂતી નંદન ગૃપ નામની ઈનામી ડ્રો નું આયોજન કરેલ તથા આરોપી નં.૩,૪ નાઓએ મારૂતી નંદન ગૃપ ઈનામી સ્કીમના એજન્ટો બની તા.૧/૪/૨૦૧૪ થી તા.૨૫/૬/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન કાસોર મુકામે આવેલ ફરીયાદી કમલેશભાઈ ચંપકલાલ પ્રજાપતિ તથા સાહેદો પાસેથી ઈનામી ડ્રો ના નાણાં ઉઘરાવેલ તથા ફરીયાદી, સાહેદોને છેલ્લા દસમાં ડ્રો માં લાગેલ ઈનામો નહિ આપેલ તથા ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરીને ધી પ્રાઈઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ-૫,૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો હોય તેવું ફરીયાદપક્ષ સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી તેવા નિર્ણય ઉપર આવી મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદદા

નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ આપવામાં આવે છે.

## –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

(૧) આ કામના આરોપી નં.૧ જયેશભાઇ ઉર્ફે રાજુ જયંતિભાઇ મિસ્ત્રી, રહે.મકાન નં.૩, કૃષ્ણ નગર સોસાયટી, વિભાગ–૩, કરમસદ, તા.જી.આણંદ, આરોપી નં.૨ બાબાભાઇ ભીખાભાઇ ભમ્મર, રહે.ભમ્મરની પદારી, તા.તળાજા, જી.ભાવનગર. આરોપી નં.૩ હિતેશભાઇ દિનેશભાઇ પ્રજાપતિ, રહે.કાસોર, પ્રજાપતિવાસ, તા.સોજીત્રા, જી.આણંદ તથા આરોપી નં.૪ કલ્પેશભાઇ જશભાઇ રાવળ, રહે.કાસોર, રાવળવાસ, તા.સોજીત્રા, જી.આણંદ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે **ધી પ્રાઇઝ ચીપ્સ એન્ડ મની સરકયુલેશન સ્કીમ સને ૧૯૭૮ ની કલમ–૫,૬** મુજબના શીક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના દરેક આરોપીના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૩૭ (ક) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા જાત મુચરકો લેવામાં આવેલ છે.

આ હુકમ આજ રોજ તારીખ–૨૧, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ: ૨૧/૦૭/૨૦૨૬ (ડી.બી.ગોહીલ)
સ્થળ : પેટલાદ એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC No. GJ00757

*સ્ટેનો–જે.ટી.રાણા.*

**<u>ચુકાદાની સમજ તથા જાણ આજરોજ ખુલ્લી અદાલતમાં મળેલ છે.</u>**

આરોપીઓની સહી આરોપીના વિ.વકીલશ્રીની સહી. એ.પી.પી.શ્રીની સહી

.................... ......................... .......................

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલત–માં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઇ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ: ૨૧/૦૭/૨૦૨૬ (ડી.બી.ગોહીલ)
સ્થળ : પેટલાદ એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ
UIC No. GJ00757

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. **અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર /બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. **સુપ્રિટેન્ડેન્ટ/ રજીસ્ટ્રી** | |